R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 21 DATE: 24-05-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગુજરાત રાજ્યમાં સહુ પ્રથમ વાર મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલ



ગુજરાતના સહુ પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે શપથ ગ્રહણ કર્યા.તેમણે શપથવિધિ બાદ જણાવ્યું હતું કે ગુજરાતની તમામ મહિલાઓ એવું મહેસુસ કરી રહી છે કે તેઓ શસક્ત બની છે.કારણકે એક મહિલા ગુજરાતની સૌથી મોટી પોસ્ટ ઉપર નિયુક્ત થઈ છે.બહુ ઓછા પક્ષો મહિલાઓને તેમના નેતા તરીકે ચુંટે છે.ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતને એક મહિલા મુખ્યમંત્રી આપ્યા છે.તેથી ગુજરાતની તમામ મહિલાઓએ પોતાને મુખ્યમંત્રી હોવાનું મહેસુસ કરે છે.તેમની શપથ વિધિ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર ખાતે આયોજિત કરવામાં આવી હતી ત્યાર બાદ તેમણે મીડીયાને સંબોધન કર્યું હતું. તેઓ ૭૩ વર્ષના મહિલા છે અને ભારતના વડાપ્રધાન પદે શ્રી નરેન્દ્ર મોદીની નિયુક્તી થતાં,મોદીની સરકારમાં મહેસુલ મંત્રી તરીકે કાર્ય કરી રહેલા આનંદીબેનને મુખ્યમંત્રી તરીકેનો હવાલો સોપાયો છે.ભારતીય જનતા પાર્ટીએ શ્રીમતી આનંદીબેન પટેલને લોકો માટે કાર્ય કરવાનો હવાલો સોપ્યો છે.અને તેથી તેમણે તેમની જવાબદારી ઉઠાવવાની છે. તેમણે કહ્યું હતું કે આ એક મોટી જવાબદારી છે. અને હું આ જવાબદારી પુરી કરવા માટે કાર્ય કરીશ.

મુખ્યમંત્રી તરીકે શપથ લઈ રહેલ શ્રીમતી આનંદીબેન પટેલના નજીકના કુટુંબીજનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે હાજર રહેલ તેમની પુત્રી અનારે જણાવ્યું હતું કે અમારે માટે આ ગર્વ લેવાનો સમય છે.મારી માતાએ ભુતકાળમાં તેમને સોપવામાં આવેલ કામગીરી સફળતાપુર્વક નિભાવી છે.તેથી તેમને આ તક મળી છે. તેમના પતિ શ્રી મફતલાલ પટેલે જણાવ્યું હતું કે મારા માટે અને મારા કુટુંબ માટે પણ આ ગર્વ લેવાની ઘડી છે.અમો બધા ઘણા ખુશ છીએ. અમો ઈચ્છીએ છીએ કે તેણી નરેન્દ્ર મોદીજીએ આરંભેલ ગુજરાત માટેનું કામ આગળ ધપાવશે. અને ગુજરાતનો વિકાસ કરશે. રાષ્ટ્રીય સ્તરે કોગ્રેસે પણ મહિલાઓને ઉચ્ચ પદો પર તક આપી છે. જ્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સહુ પ્રથમ વાર ઉચ્ચ પદ પર મહિલાને તક આપી છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## બોકો હરામે નાઇજીરીયાની વિદ્યાર્થીઓનું અપહરણ કરીને તેમને જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરાવ્યું

નાઈજીરીયામાં બોકો હરામ દ્વારા સ્કુલ વિદ્યાર્થીનીઓનું અપહરણ બાદ આતંકીઓ દ્વારા જારી કરવામાં આવેલ ફોટો પરથી વાલીઓને ધરપત બેઠી છે કે તેમની દીકરીઓ સલામત તો છે.નાઈજીરીયાની સરકારે આ તમામ બંધકોને મુક્ત કરાવવા માટે પોતાનાથી બનતા બધાજ પ્રયત્નો કરવાની તેમના અપહરણ કરાયેલ વિદ્યાર્થીઓના વાલીઓને ધરપત આપી હતી.તમામ પ્રકારની રીતોથી આ બંધકોને સલામત રીતે મુક્ત કરાવવા નાઈજીરીયાની સરકાર કોશીશ કરશે. આ ઉપરાંત યુ.એસ સરકારે ચોકીયાત પ્લેનો મુક્યા છે જે આ કન્યાઓના સમાચાર મેળવીને આપશે.ફોક્સ ન્યુઝના જણાવ્યા પ્રમાણે૩૦ જેટલા લોકોનું એક દળ જેમાં રાજ્ય અને ડીફેન્સના ખાસ વ્યક્તિઓને મુકવામાં આવ્યા છે.જેઓ નાઈજીરીયાની સરકારને બંધકોની સલામત રીતે વાપસી માટે મદદ કરશે.

પરંતુ મીલીટરીને આ માટે મેદાનમાં ઉતારાશે નહી,જ્યાં આ છોકરીઓને બંધક બનાવીને રાખવામાં આવી છે તે શકમંદ વિસ્તારમાં,પરંતુ આ ગઠિત ટીમ જે ટેરેરીઝમ કાઉન્ટરના ખાસ એક્સપર્ટ છે, તેઓ બંધકોને મુક્ત કરવાની તમામ કાર્યવાહી કરશે તેમજ અપહરણકારો સાથે વાતચીત કરશે.મે ૧૨ ના રોજ બોકો હરામ દ્વારા બંધકો અંગનો સહુ પ્રથમ વાર ફોટો વેબ પર મુકવામાં આવ્યો હતો.ચીબોક ખાતે આવેલ ખ્રિસ્તી સ્કુલમાંથી ૩૦૦ જેટલી વિદ્યાર્થીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.પરંતુ આ ગ્રુપ પૈકીની ૫૩ જેટલી છોકરીઓ નાસી જવામાં સફળ બની હતી.જો કે હજુ પણ ૨૭૫ જેટલી છોકરીઓ આતંકવાદીઓના કબજા હેઠળ છે.ફોટામાં બતાવેલ વિદ્યાર્થીનીઓ ગ્રે કલરનું કફતાન ઓઢેલ છે.અને પ્રાર્થના કરી રહેલ છે તેવું ૨૭ મીનીટના આ જારી કરવામાં આવેલ વીડીયોમાં બતાવેલ છે.આ વિડીયો માં બતાવ્યા પ્રમાણે બોકો હરામનો લીડર અબુબકર શીકેવું એવું કહેતો હતો કે બધીજ ખ્રિસ્તી છોકરીઓએ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરી લીધો છે.યુવાન છોકરીઓ અલાહની ઈબાદત કરી રહી છે.જે માત્ર આ જગતનો એકમાત્ર ઈશ્વર છે.તેણે કહ્યું હતું કે આ છોકરીઓનું અપહરણ કરવા પાછળ તેમનો મકસદ તેમના ગ્રુપના લોકોને મીલીટરીની કેદમાંથી મુક્ત કરાવવાનો છે.

યુનાઈટેડ સ્ટેટ,બ્રિટન અને ફ્રાંસ આ મુદ્દે નાઈજીરીયાની મદદ કરવાનો અને આ બંધક બનાવાયેલ છોકરીઓને બોકો હરામની પકડમાંથી મુક્ત કરવાનો ઈરાદો પાકો કર્યો છે.૫૦ જેટલા મીલીટરી અને સલાહકારો નાઈજીરીયન એમ્બેસીમાં નાઈજીરીયન સરકારને મદદ કરવા તેમજ શોધખોળના કાર્યને તેજી આપવા માટે કાર્યરત છે.બોકો હરામ નાઈજીરીયામાં કરવામાં આવેલ હુમલાઓ માટે જવાબદાર છે.તેમણે ૧૫૦૦થી વધુ હત્યાઓ કરી છે.



**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના નવા મુખ્યમંત્રીશ્રી તરીકે ગુજરાતના મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને નીમ્યા છે. સહુ પ્રથમવાર ગુજરાતની ગાદી પર એક મહિલા મુખ્યમંત્રી બિરાજશે તે ગુજરાત માટે ગૌરવ પ્રદાન કરવા જેવી બાબત છે.શ્રીમતી આનંદીબેન પટેલ,ગુજરાતના ભુતપુર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીજીની સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે મહેસુલ વિભાગનો હવાલો સંભાળતા હતા.અને છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ તેમની સરકારમાં મોભી તરીકે ગણાતા હતા.ગુજરાતની મુખ્યમંત્રીની ગાદી ઉપર અને તર્કવિતર્ક બાદ એક મહિલા મુખ્યમંત્રીની નિમણુંક થતાં, એક બાબત સ્પષ્ટ બની છે કે નરેન્દ્ર મોદી વધુ એક વાર રાજકીય મેદાનમાં પોતાનો હુકમ સર કર્યો છે.

ઘણા બધા તર્ક વિર્તકો ચાલી રહ્યા હતા અને રાજકીય રીતે લોબીંગ પણ ચાલતું હશે.લોકોના મનમાં ભાજગંડોનો દોર ચાલુ રહ્યો.અનેક નેતાઓના નામો ચર્ચાતા રહ્યા પરંતુ આનંદીબેન છેલ્લે મેદાનમાં વિજયી બન્યા.ગુજરાતના વિકાસનો પાયો જે નંખાયો છે તેની ગાડીને પુરપાટ દોડાવવાની છે.હવે કેન્દ્રમાં પણ ગુજરાતના નેતા અને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીજી છે.અને તેથી ગુજરાતને વિકાસના મામલે અન્યાય થાય છે અને ફંડ ઓછા મળે છે તે બાબતોની ચર્ચાનો અવકાશ રહેશે નહિ.વિકાસ માટે ચારેબાજુના દરવાજા ગુજરાત માટે ખુલી જશે અને આનંદીબેનને હવે વધુ તેજીથી વિકાસ કરવાની તક મળશે.

## જાણવા જેવું !

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

ડુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.

ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે. તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# માણસની ઇચ્છાઓને અનેક પાંખ હોય છે.

સંતોષી નર સદા સુખી હોય છે.માણસની ઈચ્છાઓને અનેક પાંખ હોય છે. એને ધરપત રહેતી નથી.સામેના પાસે આટલુ બધું છે તો મારી પાસે કેમ નહીં ?એ એનો મુળભુત પ્રશ્ન હોય છે. તેથી એમ કહેવાય છે કે અજ્ઞાનતા કે અસમજ અસંતોષ પેદા કરે છે.જેનામાં સમજ છે, એ તો માને છે કે કીડીને કણ અને હાથીને મણ.વેદવ્યાસે મહાભારતમાં કહ્યુ છે કે 'અજ્ઞાની અસંતોષી હોય છે. જ્ઞાનવાનોને સંતોષ પ્રાપ્ત થાય છે.અસંતોષનો અંત નથી,સંતોષ જ પરમ સુખ છે, આ સુખને કોણ માણી શકે?જેનામાં સમજ છે, એ એને પામી શકે છે. અસંતોષી હંમેશાં દુ:ખી હોય છે'પતંજલિએ યોગસુત્રમાં કહ્યુ છે કે ' સંતોષથી સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. 'સંતોષી માણસ કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત થતો નથી.મહોપનિષદમાં કહ્યુ છે 'જો અપ્રાપ્ત વસ્તુની ચિંતા કરતા નથી અને જે પ્રાપ્ત થયુ છે તેના માટે સમાન રહે છે, જેણે સુખ કે દુ:ખ જોયું નથી એ જ સંતોષી કહેવાય છે. જે સુખમાં છકી ના જાય અને દુ:ખમાં ભાંગી ન પડે એ જ સંતોષનો ગુણ છે.' મહાભારતના શાંતિ પર્વમાં તો કહ્યુ છે 'માણસના મનમાં સંતોષ હોવો તે સ્વર્ગ પ્રાપ્તિથી પણ વધારે છે. સંતોષ જ સૌથી મોટુ સુખ છે.સંતોષ જો મનમાં ઠીકઠાક સ્થપાઈ જાય તો એનાથી વિશેષ આ સંસારમાં કંઈ જ નથી. સંતોષ જ સુખ લાવે છે.માણસને અતૃપ્તિ બેચેન બનાવે છે.તૃપ્તિ જ સ્વસ્થ રાખે છે, આનંદ આપે છે. 'ભાગવતમાં કહ્યુ છે સંતોષી મનવાળા માટે સદાય બધી જ દીશાઓ સુખમય છે. જેવી રીતે પગરખાં પહેરવાથી કાંકરા અને કાંટાથી દુ:ખ થતું નથી,એનાથી બચી જવાય છે. સંતોષ જ આપણા માટે સુખની ચાવી છે.ગુહસ્થીઓએ પણ ધર્મ,અર્થ એ કામ માટે વધારે કષ્ટ ઉઠાવવુ જોઈએ નહીં.જેવો દેશ, જેવો સમય અને જેવુ ભાગ્ય - જે મળી જાય એનાથી સંતોષ માણવો જોઈએ.

સંતોષ એટલે તૃપ્તિ, સમાધાન,સુખ (૨)હોય તેટલાથી રાજી રહેવું તે એવા અર્થ થાય છે.ગૌત્તમ બુધ્ધે કહ્યુ છે 'સંતોષ સૌથી મોટું સુખ છે. અને અસંતોષ સૌથી મોટું દુ:ખ છે. તેથી સુખ ઈચ્છનારે હંમેશાં સંતોષી રહેવુ જોઈએ. 'પણ કેટલાંક લોકોને કોઈ પણ બાબતે સંતોષ હોતો નથી. અઢળક ધન મેળવવા છતાં તે અસંતુષ્ટ અને સદાય નિર્ધન છે. ધન ન હોવા છતાં જે સંતોષી છે તે સદાય ધનવાન છે.ધ્યાનરુપી અમૃતના પ્રવાહમાં ડુબેલા ચિત્તવાળાઓને આ પ્રકારનો સંતોષ થઈ જાય છે.એવા લોકોને મોક્ષની પણ ઈચ્છા નથી.જેને કોઈ અપેક્ષા નથી આમ તો એવુંજ કહેવાય છે કે દુ:ખોના મુળમાં અપેક્ષાઓ રહેલી છે.

ભાગ્યમાં હોય એનાથી વધારે મળતું નથી.કારણકે બધુંજ ભાગ્યને આધીન છે.તેથી સદાય સંતોષ રાખવો જોઈએ.માણસે શાંતિ જોઈતી હોય તો સંતોષ રાખવો જોઈએ.જેને સંતોષ છે એના માટે આ આખુ જગત એની સંપત્તિ છે.એવા આત્મસંતોષી લોકોને ધન્યવાદ છે કે જેના હાથ જ પવિત્ર પાત્ર છે. જે માણસ જેમાં સંતોષ માને, એજ એના માટે અગત્યનુ હોય છે. પણ માણસની એષણાઓનો પાર નથી. એને ધરપત હોતી નથી.આપણે શું જોઈએ. બે ટાઈમ ખાવાનુ અને માથું ઢાંકવા છાપરુ,એના માટે કેટલા ધમપછાડા કરવા પડે છે ?જેને સંતોષ નથી એ કાયમ માટે દુ:ખી રહે છે. જેની તૃષ્ણા મોટી હોય છે એ જ ગરીબ છે.મનનો સંતોષ હોય પછી કોણ ગરીબ અને કોણ ધનવાન.મનનો સંતોષ જ સર્વશ્રેષ્ઠ છે.

માણસની નબળાઈ એટલી છે કે એને કંઈ મળે તો વધારે મેળવવાનો લોભ જાગે છે. માણસના મનનુ એવું છે કે તેનો ઘડો ભરાતો જ નથી. રોજ રોજ ઘડાનુ કદ વધવા માંડે છે.આ દુનિયામાં દાન જેવી બીજી કોઈ ઉત્તમ ક્રિયા નથી.લોભના જેવો બીજો કોઈ શત્રુ નથી.સારા સ્વભાવ જેવુ કોઈ આભુષણ નથી.અને સંતોષ જેવુ બીજુ કોઈ ધન નથી.સંતોષ એ સુખની નિશાની છે. ઈચ્છા આકાશ જેટલી અનંત છે.ઈચ્છાઓનો ક્યારેય અંત નથી.પરિણામે ઈચ્છાઓનુ આકાશ વિસ્તરતુ જ રહે છે. એના કારણે માણસ પાસે જે હોય છે તેને પણ તે સુખથી ભોગવી શકતો નથી.એ તો જે કાંઈ મેળવ્યુ છે તેનો ચોકી પહેરો કરે છે.અને બીજુ મેળવવા મથામણ કરે છે.એનો અસંતોષ જ એને ખતમ કરી નાં ખે છે.એનો સંતોષ એ જ શ્રેષ્ઠ સુખ છે એ ભોગવી શકતો નથી

ડૉ કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.
ડુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.
ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# માફિયા ડોન પપ્પુ યાદવની આત્મકથા : કેટલું સત્ય

એક એવા માણસની કથા જેમાં ઠાંસી ઠાંસીને ક્રાઈમ ભર્યું છે.લવ પણ ફિલ્મને ટક્કર મારે તેવો છે.અને અધુરામાં પુરુ દેશનું ટોપ ક્લાસ રાજકારણ પણ છે.જે માણસ મોતથી ડરતો નથી અને કોઈને મારી નાંખતા અચકાતો નથી,એવા પપ્પુ યાદવે આત્મકથા લખી છે.આ સેન્સેશનલ ઓટોબાયોગ્રાફી નું નામ છે. દ્રોહકાલકા પથિક. છે ને અગ્નિપથને આટે તેવું અને માફિયાને છાજે તેવું નામ ! દિલ્હીમાં આ આત્મકથાનું વિમોચન થયું.આ પુસ્તક પ્રકાશિત થયું તે સાથે જ વિવાદ પણ શરુ થઈ ગયો.કારણકે પપ્પુ યાદવે અનેક રાજકારણીઓના ચહેરા ઉપરથી મહોરા ઉતારી લીધા છે.

પપ્પુ યાદવે આત્મકથામાં લખ્યું છે કે રાજકારણમાં કોઈ પક્ષ દુધે ધોયેલો નથી.જરુર પડે ત્યારે રાજકારણીઓ સાટા-દોઢા કરવાનું બાકી રાખતા નથી.વિશ્વાસનો મત મેળવવાનો હોય ત્યારે સંસદસભ્યોનું રીતસર ખરીદ-વેચાણ થાય છે.અને સંસદસભ્યોના ભાવ બોલાય છે.૨૦૦૮માં યુપીએએ વિશ્વાસનો મત લેવાનો હતો ત્યારે યુપીએ અને એનડીએ બંને દ્વારા સંસદસભ્યોને ઓફર થઈ હતી.અને ભાવ લગાડાયો હતો રૂ ૪૦ કરોડ..એનડીએની સરકાર હતી ત્યારે તો સંસદસભ્યોને ખરીદતા અને વેચાતા મે નજરોનજર જોયા છે.એવુ પપ્પુ યાદવ કહે છે.સંસદસભ્ય અનવરુલ હકને એક કરોડ રુપીયા અને એક એન્સન્ટ કાર એનડીએ દ્વારા આપવામાં આવી હતી.નાગમણિએ હા પાડી કે તરતજ તેને એક કરોડ રૂપિયા આપી દેવાયા હતા. અને રાજ્યકક્ષાના પ્રધાન બનવાનું પણ વચન અપાયું હતું.પી.સી. થોમસ અને સુખદેવ પાસવનને પણ તગડી ઓફર થઈ હતી. પપ્પુ યાદવે મોટો ધડાકો તો એમ લખીને કર્યો છે કે એનડીએના શાસનમાં સંસદસભ્યોનું ખરીદ વેચાણનું પેમેન્ટ ખુદ એનડીએના પ્રધાન યશવંતસિંહાએ સંભાળ્યું હતું.પપ્પુ યાદવે આ વાત કરી કે તરતજ યશવંતસિંહાએ કહ્યું કે સાવ કચરા જેવી આ વાત છે. આ વાતનો જવાબ પણ ન આપવો જોઈએ. હજુ બુક રીલીઝ થાય એ પહેલાં આટલો હોબાળો થયો છે તો હવે તો શું થશે એ વિચારવા જેવુ છે.જોઈએ હવે પપ્પુ યાદવ પોતાની આત્મકથામાં કોના કોના કપડાં ઉતારે છે.

પપ્પુ યાદવ બિહારનો માફિયા ડોન છે.પોતાની સામે પોલીસ ચોપડે કેટલા ગુના નોધાયેલા છે એ કદાચ પપ્પુ યાદવ ખુદને ખબર નહી હોય.અત્યાર સુધીમાં જુદા જુદા કેસમાં અને અલગ અલગ જેલમાં પપ્પુએ દસ વર્ષ કરતાં વધુ સમય વિતાવ્યો છે.જો કે કોઈ જેલ તેને લાંબો સમય પુરી શકી નથી.કોઈને કોઈ રીતે તે જેલમાંથી છુટી જાય છે.પપ્પુ યાદવ વિશે એવું કહેવાય છે કે એની સામે જે પોલીસ કેસો નોંધાયા છે તેના કરતાં જે નહી નોધાય તેવા કેસોની સંખ્યા અનેકગણી વધારે છે. કોની ત્રેવડ છે કે પપ્પુ સામે ફરિયાદ નોધાવે ?જેને જીવ વ્હાલો હોય એ માણસ જ આવી હિંમત કરી શકે.પપ્પુ યાદવનું સાચુ નામ રાજેશ રંજન છે.પણ આ નામે એને બિહારમાં પણ કદાચ કોઈ ન ઓળખે.પપ્પુના જન્મની સાચી તારીખ પણ નથી.૧૯૬૧મા કે ૬૨માં એક ખેડુત પરિવારમાં જન્મેલો પપ્પુ પહેલેથી જ બળીયો હતો.એને બચપણથી બધા રોબિનહુડ કહેતા.ગમે એને મારી લેતો, તેનું બોડી જ પહેલવાનને આંટી દે તેવુ હતું.પપ્પુ ચાર વખત લોકસભાની ચુંટણીમાં ઝળહળતી જીત મેળવીને સંસદમાં ગયા છે.ચારેય વખત અલગ અલગ પાર્ટીમાંથી.એક વખત લાલુપ્રસાદની રાષ્ટ્રીય જનતાદળ,એક વખત મુલાયમસિંહની સમાજવાદી પાર્ટી,એક વખત રામવિલાસની એલજેપી અને એક વખત અપક્ષ લડીને આ મહાશય સંસદમાં પહોચ્યા છે.

છેલ્લી ચુંટણી તેઓ લડી શક્યા ન હતા, તેનું એ કારણ હતું કે સીબીઆઈની અદાલતે એક મર્ડર કેસમાં પપ્પુને આજીવન કેદની સજા ફરમાવી હતી.૧૪મી જુન, ૧૯૯૮ના રોજ સીપીઆઈએમના નેતા અને ટ્રેડ યુનીયન લીડર અજીત સરકારની બિહારના પુર્નીયા નજીક ગોળી મારીને હત્યા કરાઈ હતી.આ કેસ સીબીઆઈને સોંપાયો હતો.આજીવન કેદની સજા પછી ઉપલી કોર્ટમાં જઈ પપ્પુ યાદવ બાઈજ્જત બરી થઈ ગયો હતો.પપ્પુ યાદવની પત્ની રંજિત યાદવ પણ સંસદસભ્ય રહીચુક્યા છે.એ વળી કોંગ્રેસની ટીકીટ પર ચુંટણી લડીને જીત્યા હતા.રંજિત અને પપ્પુની લવસ્ટોરી પણ રસપ્રદ છે.રંજિત ટેનીસમાં સ્ટેટ ચેમ્પીયન હતી. એક વખત તેને ગ્રાઉન્ડમાં રમતી જોઈ પપ્પુ તેના પ્રેમમાં પડી ગયો,પછી એક પાગલ પ્રેમીની માફક તેની પાછળ ફર્યા કરતો રહ્યો.આખરે પંજાબી કુડી રંજિતે આ માફિયાના પ્રેમને કબુલી લીધો. આજ પણ કોઈ રંજિતને પુછે કે તને આ ખતરનાક આદમીમાં શું દેખાયું ? તો કહે છે કે બસ પ્યાર હો ગયો. રજિતના વડવાઓ કાશ્મીરી પંડિત હતા.પછી તેઓએ શીખ ધર્મનો અંગીકાર કર્યો. પપ્પુ તેના પ્રેમમાં એવો પાગલ હતો કે એ રંજિત માટે શીખ ધર્મનો અંગિકાર કરવા પણ તૈયાર હતો.

પપ્પુ યાદવમાં જે કોઈ થોડો ઘણો સુધારો થયો એ રંજિતના તેના જીવનમાં આવવા પછી થયો છે.આમ છતાં પપ્પુ પુરેપુરો ક્યારેય સુધર્યો જ ન હતો.અને ક્યારેય સુધરવાનો પણ નથી.હજુ એનું મગજ ફટકે ત્યારે એ ગમે તે કરી બેસે છે.આ બધાની વચ્ચે એ પોતાના મતદારોમાં પાછો લોકપ્રિય પણ છે.તેના ઘણા કારણો છે.એમાં જો કોઈ પ્રાઈમ રીઝન હોય તો તો એ છે એની ધાક. હુકમ એટલે હુકમ.એનો આદેશ કોઈ ઉથાપી ના શકે.એટલે એ ધારે તેમ થાય છે.સરકારી અધિકારીઓ પપ્પુનું નામ પડે એટલે તરતજ કામ કરી આપે છે.જો કામ ન કરે તો આવી બને.તે બધા સાથે સતત સંપર્કમાં પણ રહે છે.પપ્પુ યાદવને માટે જેલમાં પણ મહેલ જેવી સગવડો હોય છે. બિહારમાં ગમે તેનું રાજ હોય, પપ્પુની પુંગી વાગતી જ રહે છે.આ પપ્પુની આત્મકથામાં સામાન્ય લોકોથી માંડીને મીડીયા સુધી બધાને રસ છે.અલબત્ત લોકો તેની આત્મકથા કેટલી ગંભીરતાથી લેશે એ સવાલ છે. આત્મકથામાં કેટલું સાચું અને કેટલું ખોટું એ નક્કી કરવું અઘરુ છે.ભલે પોતે ખુંખાર ગુંડો હોય, સરવાળે તો પોતે ગરીબોનો સાચો મસીહા હોય એવી છબી જ ઉભી કરવાનો પ્રયાસ કર્યો હશે.આપણા દેશમાં આવા ક્રિમિનલોનો પણ ખોફનાક દબદબો હોય છે.એ પણ આપણી લોકશાહીની બલિહારી નથી તો બીજું શું છે ?



# ચીનમાં વધુ ચર્ચો અને તેના ક્રોસને તોડવાની ધમકી અંગેના રીપોર્ટ

બેયાક્ષી ચર્ચ,યુઈક્યુનીંગકન્ટ્રી,વેનઝોયુ,નો ટોપ ઉપરનો ક્રોસને મે,૬ના રોજ ચર્ચ ઉપરથી દુર કરવામાં આવ્યો હતો.બે સપ્તાહ પહેલાં સેન્જીઈંગ ચર્ચને તોડી પાડવામાં આવ્યું હતું.હવે કોસ્ટર ઝેઈજીંગ પ્રોવીન્સમાં આવેલ બીજા ૧૫ ચર્ચોને તોડી પાડવાની ધમકી સત્તાવાળાઓ તરફથી આપવામાં આવી છે.જો કે ૫૦ જેટલા ચર્ચોને તોડી પાડવામાં આવશે તેવી અફવા ફેલાઈ રહી છે.જેઓની બે સપ્તાહ પહેલા સેન્જીઈંગ ચર્ચ તોડી પાડતી વેળાએ વિરોધ કરનારાઓની ધરપકડ કરવામાં આવી હતી તેઓને આવતા સપ્તાહે છોડી મુકવાના છે જેમાં અમુક ઉપર આરોપો ઘડાશે.

વુઈ ચર્ચ,કેન્ગનન કન્ટ્રી,વેનઝોઉ જે હજુ બાંધકામ હેઠળ છે.તેને જબરજસ્તીથી તોડી પડાયું હતું.એક સ્થાનિક પાસ્ટરે જણાવ્યું હતું કે તોડી પડાયેલ ચર્ચ સરકારની માન્યતા વાળું હતું કે નહી તે ખબર નથી.અહીયા ઘણા ખાનગી ચર્ચો છે અને તેમાનાં ઘણા સ્વતંત્ર છે.તો તેઓ સરકાર ખાતે નોધાયેલ છે કેનહી તે ખબર નથી.આ દિવસે એક કેથોલીક ચર્ચ, યુઈક્યુનીંગ ખાતે તોડી પાડવામાં આવ્યું હતું.જેને રીનમીન ગ્રુપ દ્વારા નાણાંકીય સહાય આપવામાં આવે છે. જે અહીયાનું મોટું કોરપોરેશન છે.પરંતુ તે ફોરેસ્ટની ટેકરી પર બાંધવામાં આવેલ ચર્ચ હતું.મી. ટેન, જે એક સ્થાનિક નાગરિક અને ખ્રિસ્તી છે તેમના જણાવ્યા પ્રમાણે ઓર્થોરીટીએ એવું જણાવ્યું હતું કે આ ચર્ચ બિલ્ડીંગ પાસે કાયદેસરની માન્યતા નહોતી.હવેના સમયે, ટીએસપીએમ ચર્ચીસ અને હાઉસ ચર્ચીસ ના ભાઈઓ અને બહેનો એક બન્યા છે.મી. ટેન ના જણાવ્યા પ્રમાણે સ્થાનિક લોકો એકઠા મળીને ચર્ચોની સલામતી માટે વિરોધ કરી રહ્યા છે.જે રીતે સેન્જીઈંગ માટે કર્યો હતો.પરિસ્થિતિ ગંભીર બની રહી છે.પરંતુ સહુએ સાથે મળીને ચાલવાનું છે.જેમની પાસે માયાળુ હૃદય છે તેમની ચર્ચને સાચવવા માટે આગળ આવવાનું છે.


**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
***યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ***
**એક્સ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એક્સ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઈ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in

# સૌને પ્રભાવિત કરવાના ઊધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઇચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઇચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઇ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઇચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઇએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઇટ હાઉસમાં ડિનર લઇ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઇને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઇચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઇવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રૌઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઇને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યુ. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઇને હરખાવવાનું.કોઇ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઇ જવાની ઇચ્છા સહજ વૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઇચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઇએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઇના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઇએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઇચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઇ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઇ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઇએ. બીજા પર છવાઇ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઇ જાય છે. પકડાઇ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઇનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ આપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઇને ધસી જઇએ તો કોઇને કોઇ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઇ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઇ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઇના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)



ગડકરી ડેફેમેશન કેસમાં અરવિંદ કેજરીવાલને ૧૪ દિવસનો જેલવાસ.આમ આદમી પાર્ટીના નેતાએ જામીન નકારતા તેમને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા.ભારતીય જનતા પાર્ટીના નેતા નીતીન ગડકરીએ તેમની સામે બદનક્ષીનો દાવો કર્યો હતો.

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા,
અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.